**Registration No.: CC/9678/2020**
**Filing No.: CC/9678/2020**
**Filed On: 23/01/2020**
**Registered On : 23/01/2020**
**Decided on :08/02/2020**
**Duration: dd/mm/yy**

**IN THE COURT OF ADD.CHEIF METROPOLITAN MAGI.COURT NO.1 AT.AHMEDABAD**

**CRIMINAL CASE NO. 9678/2020**
**Exh.4**

**Complainant:**

1. **The state of Gujarat**

**VERSUS**

**Accused:**

1. **Jamaludin Alladin Rangrenj,
Age:44,Occupation: Business,
At:House No.13, Husennagar,
Nr. ST Workshop,
Naroda Patiya,Ahmedabad.**

Appearance :
Miss. Mekvan A.P. P. For Complainant 1,
No Advocate For Accused 1 ,

---

**ગુનો: ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબ.**

**–: J U D G E M E N T :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ તા.૧૬–૦૯–૨૦૧૯ ના કલાક ૧૯:૩૦ વાગ્યે કૃષ્ણનગર બસ સ્ટેન્ડ પાસે જાહેર રોડ ઉપર પોતાની દાળવડાની લારી રાખી આવતાં જતાં રાહદારી ટ્રાફિકને અડચણ થાય તેમ કરી રાખેલ હોઇ તે અંગે ફરીયાદીએ ફરીયાદ આપતાં તે અંગે કૃષ્ણનગર પો.સ્ટે.સે. ગુ. રજી.નં.૩૩૫૧/૧૯નો ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબનો ગુનો કરેલ જે અંગે તપાસના અંતે ત.ક.અધિ.શ્રીએ ક્રિ. પો.કોડની કલમ ૧૭૩(૨) તળે ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ કાઢતાં બજી જતાં આરોપી હાજર થતાં તેમને વિના મુલ્યે નકલો પુરી પાડયાની ખાતરી થતાં આરોપી સામે આંક–૨થી પ્લી લેતાં ગુનો કબુલ હોવાનું

જણાવેલ.

(૩) આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થતાં અગાઉ આરોપીનાએ ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ ગુનો છે અને તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શિરે રહેલ છે તેવી રજુઆત કરેલ છે. આરોપીના ગુનો કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજાની જોગવાઈ સમજાવવા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહેલ છે જેથી તે ન માનવાને કોઈ કારણ નથી. આથી આરોપીને હવે ઈ.પી.કો. કલમ-૨૮૩ તળેના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને સજા અંગે સાંભળતાં આ તેમનો પ્રથમ ગુનો છે અને ગરીબવર્ગના હોવાનું જણાવેલ છે. આથી તે રજુઆત જોતાં, આરોપીનો પ્રથમ ગુતો હોઈ કાયદાનુસાર મહત્મ સજા ન કરતાં હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે. આથી, વિશેષ ચર્ચા ન કરતાં મુદ્દા નં.૧ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

-:: હુ ક મ ::-

(૧) આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ-૨૮૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવીને રૂા.૧૦૦/-(એકસો રૂપિયા પુરા)નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાય તો દિન-૧૫ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૮-૦૨-૨૦૨૦ના રોજ સ્પેશીલ સીટીંગ/ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date . 08/02/2020**
**Place :**
**SPECIAL SITTING ,**
**AHMEADABAD**

**UTTAMKUMAR NARAYANDAS SINDHI**
**GJ-00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEADABAD**